**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==================================================

**ગુજરાત વડી અદાલત, અમદાવાદ**

**સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૯૩૦૪ / ૨૦૧૪**

**મંજૂરી અને હસ્તાક્ષર માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રીમતી અભિલાષા કુમારી**

==================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાવારપત્રોના રિપોર્ટર્સને ચુકાદો જોવાની પરવાનગી આપવામાં આવે છે? | |
| ૨. | રિપોર્ટર્સને સંદર્ભિત કરવાં કે નહિ? | |
| ૩. | શું ન્યાયમૂર્તિ ચુકાદાની આખરી નકલ જોવાં ઇચ્છે છે? | |

| | | |
|---|---|---|
| ૪. | શું આ કેસમાં ભારતના બંધારણ, ૧૯૫૦ ના અર્થઘટન કે તેનાં હેઠળ કરવામાં આવેલ કોઇ હુકમ સબબ કોઈ મહત્વપૂર્ણ કાયદાકીય પ્રશ્ન સમાવિષ્ટ છે? | |
| ૫. | દીવાની ન્યાયાધીશને પરિપત્રિત કરવું કે નહિ? | |

================================================

માધવી સંદીપ પટેલ....અરજદાર(ઓ)

વિરુદ્ધ

રજિસ્ટ્રાર – જન્મ અને મૃત્યુ વિભાગ....સામાવાળા(ઓ)

================================================

ઉપસ્થિતિ:

અરજદાર(ઓ) ક્રમાંક ૧ માટે વકીલ સુશ્રી દિલબર કોન્ટ્રાક્ટર તરફથી, વકીલ શ્રી નિકુંત કે. રાવલ, સામાવાળા(ઓ) ક્રમાંક ૧ માટે વકીલ શ્રી વાય. સી. પંડ્યા

================================================

**કોરમ: માનનીય ન્યાયમૂર્તિ શ્રીમતી અભિલાષા કુમારી**

**તારીખ : ૨૪/૧૧/૨૦૧૪**

**મૌખિક ચુકાદો**

૧. રુલ. સામાવાળા ક્રમાંક ૧ તરફથી વિદ્વાન વકીલ શ્રી વાય.સી. પંડ્યા નિયમની નોટિસની બજવણીનો ત્યાગ કરે છે. કેસના તથ્યો અને પરિસ્થિતિઓમાં તથા સંબંધિત પક્ષોના વિદ્વાન વકીલોની સંમતિથી, આ અરજીની સુનાવણી હાથ ધરવામાં આવી રહી છે અને તેનો અંતિમ નિર્ધાર કરવામાં આવે છે.

૨. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળની આ અરજી નીચે મુજબની પ્રાર્થનાઓ સાથે રજૂ કરવામાં આવી છે :

> "૯ (એ) કે આ માનનીય અદાલત સામાવાળા સત્તાધિકારીના તા. ૦૨.૦૪.૨૦૧૪ ના વિવાદિત હુકમ/સંદેશને રદ કરવા માટે મેન્ડેમસનો રિટ અથવા અન્ય યોગ્ય રિટ, હુકમ અથવા દિશાનિર્દેશ જારી કરવાની કૃપા કરે અને તે દ્વારા સામાવાળાને તાત્કાલિક એ રીતે દિશાનિર્દેશ આપે કે નોંધપોથીમાં તથા સામાવાળા સત્તાધિકારીએ જારી કરેલા તેના જન્મપ્રમાણપત્રમાં અરજદારની જન્મતારીખ ૧૨.૧૧.૧૯૮૦ ના બદલે ૦૧.૧૧.૧૯૮૦ તરીકે સુધારવામાં આવે;
>
> (બી) આ અરજીની સુનાવણી બાકી હોય અને તેના અંતિમ નિકાલ સુધી, માનનીય અદાલત તા. ૦૨.૦૪.૨૦૧૪ ના વિવાદિત

હુકમ/સંદેશાવ્યવહારને રદ કરવા તથા સામાવાળા સત્તાધિકારીને સામાવાળા દ્વારા જારી કરાયેલ જન્મ પ્રમાણપત્રમાં દર્શાવેલ અરજદારની જન્મ તારીખ ૧૨.૧૧.૧૯૮૦ ના બદલે ૦૧.૧૧.૧૯૮૦ તરીકે સુધારવાનો નિર્દેશ આપવા કૃપા કરે;

(સી) કેસના તથ્યો અને પરિસ્થિતિઓને ધ્યાનમાં લઈ યોગ્ય અને વાજબી ગણાતી તેવી અન્ય અને વધુ રાહત/રાહતો મંજૂર કરવામાં આવે."

૩. સંક્ષેપમાં જણાવેલ મુજબ, કેસના તથ્યો એ છે કે અરજદારના કહેવા મુજબ તેનો જન્મ તા. ૦૧.૧૧.૧૯૮૦ ના રોજ ગાંધીનગર ખાતે થયો હતો. પરંતુ અજાણતાં, તેના જન્મ પ્રમાણપત્રમાં તેની જન્મતારીખ ખોટી રીતે ૧૨.૧૧.૧૯૮૦ તરીકે નોંધાઈ ગઈ છે. અરજદારનો કેસ એવો છે કે, શાળામાં પ્રવેશ લેતી વખતે તેની સાચી જન્મતારીખ, એટલે કે ૦૧.૧૧.૧૯૮૦, દર્શાવવામાં આવી હતી. તેથી, તેના શાળા છોડ્યાનું પ્રમાણપત્રમાં તેની સાચી જન્મતારીખ દર્શાય છે. અરજદારના અન્ય તમામ સત્તાવાર દસ્તાવેજોમાં, જેમાં તેની એચ.એસ.સી. પરીક્ષાની ગુણપત્રક, પાન કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઇવિંગ લાઇસન્સ અને ચૂંટણી કાર્ડનો સમાવેશ થાય છે, તેની સાચી જન્મતારીખ પ્રતિબિંબિત થાય છે. અરજદારે તેની માતાનું સોગંદનામું પણ રજૂ કર્યું છે, જેમાં તેની સાચી જન્મતારીખ જણાવવામાં આવી છે. અરજદારને વિદેશમાં સ્થળાંતર

કરવાનું હોવાને કારણે, તેને અન્ય દસ્તાવેજો સાથે જન્મ પ્રમાણપત્ર રજૂ કરવું આવશ્યક છે. તેથી, તેણે સામાવાળા સત્તાધિકારીને તેને જન્મ પ્રમાણપત્ર જારી કરવા માટે અરજી કરી હતી. પરંતુ, જન્મ પ્રમાણપત્ર પ્રાપ્ત થતાં અરજદારને સમજાયું કે તેની જન્મતારીખ યોગ્ય રીતે દર્શાવવામાં આવી નથી. જન્મતારીખમાં આ અસંગતતાને કારણે, અરજદારને ઈમિગ્રેશન પ્રક્રિયામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

૪. અરજદારે જન્મ અને મૃત્યુનો નોંધણી રજીસ્ટરમાંની નોંધમાં સુધારો કરવા માટે સામાવાળા સમક્ષ તા. ૨૮.૦૩.૨૦૧૪ની અરજી દ્વારા અરજી રજૂ કરી હતી. અરજીએ સાથે, અરજદારે તેના સરકારી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, માઉન્ટ કાર્મેલ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, પાન કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઇસન્સ, યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાનું ડ્રાઈવિંગ લાઇસન્સ, માધ્યમિક બોર્ડનું પ્રમાણપત્ર, લગ્ન પ્રમાણપત્ર, આઈઈએલટીએસ પ્રમાણપત્ર તથા આ અદાલતનો તા. ૧૩.૦૭.૨૦૧૧નો, વિશેષ સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૫૬૫૨ ઓફ ૨૦૧૧માં આપવામાં આવેલ ચુકાદો જેવા વિવિધ દસ્તાવેજો સંલગ્ન કર્યા હતા.

૫. સામાવાળાએ તા. ૦૨.૦૪.૨૦૧૪ના આક્ષેપિત હુકમમાં એમ જણાવીને અરજદારની અરજી નામંજૂર કરી કે તેણીએ જન્મનું મૂળ પ્રમાણપત્ર તથા ડૉક્ટરનું પ્રમાણપત્ર રજૂ કર્યું નથી.

૬. તેનાથી વ્યથિત થઈ, અરજદારે વર્તમાન અરજ દાખલ કરીને આ અદાલતનો આશરો લીધો છે.

૭. સામાવાળાએ જવાબરૂપ સોગંદનામું દાખલ કર્યું છે, જેમાં એવો અભિપ્રાય લેવામાં આવ્યો છે કે અરજદાર બે વિશ્વસનીય વ્યક્તિઓ તરફથી જરૂરી ઘોષણાઓ સાથે આગળ આવ્યા નથી, જેઓ સાક્ષી આપી શકે અને અરજદારની જન્મતારીખ દર્શાવતો વિશ્વાસપ્રેરક પુરાવો રજૂ કરી શકે. આગળ એવું પણ જણાવવામાં આવ્યું છે કે અરજદારે પોતાનું નામ હાલના નામમાં બદલવામાં આવ્યું છે તે બાબત "જાહેર" કરી નથી.

૮. જવાબરૂપ સોગંદનામાના પરિચ્છેદ ૫ અને ૬ માં કરવામાં આવેલ નિવેદનો નીચે મુજબ છે :

*"(૫) હું એવું કહું છું અને રજૂ કરું છું કે, જન્મ અને મરણના નોંધણી અધિકારીની સત્તાઓ કારણ અને યુક્તિયુક્તતા દ્વારા માર્ગદર્શિત છે, જેના ઉપયોગની સ્પષ્ટપણે કોઈ આવશ્યકતા જણાતી નથી. અરજદાર દ્વારા અત્યાર સુધી રજૂ કરવામાં આવેલ કોઈપણ આવા વોરંટ/જરૂરિયાત અંગેનું કોઈ સ્પષ્ટીકરણ મને અભિલેખમાં સ્પષ્ટપણે ગેરહાજર જણાય છે.*

*(૬) હું કહું છું અને વિનમ્રપણે રજૂ કરું છું કે અરજદાર દ્વારા કરાયેલા આક્ષેપ મુજબ મારી સત્તાઓનો ઉપયોગ ક્યારેય મનસ્વી કે દુર્ભાવનાપૂર્વક કરવામાં આવ્યો નહોતો, કારણ કે જેમાં સુધારો કરવા માંગવામાં આવેલી જન્મતારીખથી અરજદારના હિતને કોઈ તત્ત્વપૂર્ણ રીતે હાનિકારક અસર થતી નથી, અને આટલા અતિશય વિલંબ પછી, જેનું કોઈ સ્પષ્ટીકરણ અરજદારે સીધું મારા કાર્યાલય સમક્ષ કે આ માનનીય અદાલત સમક્ષ પણ આપ્યું નથી, કારણ કે આ સુધારેલી*

જન્મતારીખના પ્રમાણપત્ર પાછળનો હેતુ દર્શાવવામાં આવ્યો નથી અને તેથી શંકાને સ્થાન રહે છે."

૯. સોગંદનામા–જવાબના પરિછેદ ૬ માં લેવાયેલો અભિગમ એવો છે કે અરજદારના જન્મતારીખમાં ફેરફાર ન કરવામાં આવે તો તેના હિત પર પ્રતિકૂળ અસર પડશે નહીં અને અરજદાર દ્વારા કોઈ સમજૂતી આપ્યા વિના અતિશય વિલંબ થયો છે. વધુમાં, સુધારેલી જન્મતારીખનું પ્રમાણપત્ર જે હેતુ માટે જરૂરી હોવાનું કહેવાય છે તે હેતુ પણ દર્શાવવામાં આવ્યો નથી, તેથી "શંકા માટે અવકાશ રહેલો છે."

૧૦. શ્રી નિકુંત કે. રાવલ, અરજદાર તરફથી હાજર વિદ્વાન વકીલ શ્રીમતી દિલબર કોન્ટ્રાક્ટર માટે, રજૂ કરે છે કે સામાવાળા સત્તાધિકારીને અરજદારની જન્મતારીખ સંબંધિત નોંધમાં આવશ્યક સુધારાઓ કરવાની સત્તા છે, જેમ આ અદાલતે અનેક ચુકાદાઓમાં, જેમાં નિતાબેન નરેશભાઈ પટેલ વિરુદ્ધ ગુજરાત રાજ્ય તથા અન્ય, જે ૨૦૦૮ ૧ જીએલઆર ૮૮૪ માં અહેવાલિત છે, તે કેસનો પણ સમાવેશ થાય છે, તે મુજબ ઠરાવ્યું છે. આગળ વધુ એવું રજૂ કરવામાં આવે છે કે અરજદારની અરજી નામંજૂર કરવાની એક કારણરૂપ બાબત એ છે કે અરજદારે ડૉક્ટરનું પ્રમાણપત્ર રજૂ કર્યું નથી. જોકે, જે ખાનગી દવાખાનામાં અરજદારનો જન્મ થયો હતો તે ડૉક્ટરનું હવે અવસાન થઈ ગયું છે અને તે દવાખાનું બંધ થઈ ગયું છે. તેથી, અરજદાર ડૉક્ટરનું પ્રમાણપત્ર મેળવી શકે તેવી કોઈ રીત ઉપલબ્ધ નથી. અરજદારે તેના જન્મપ્રમાણપત્રની નકલ સામાવાળા

સત્તાધિકારી સમક્ષ રજૂ કરી છે, જેમાં ખોટી જન્મતારીખ દર્શાવવામાં આવી છે. અરજદારે તેનો પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાઇસન્સો (ભારત અને યુએસએના), પાસપોર્ટ અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર જેવા અન્ય અનેક દસ્તાવેજો પણ રજૂ કર્યા છે, જેમાં તેની સાચી જન્મતારીખ દર્શાય છે. એટલું જ નહીં, અરજદારે તેની માતાનું સોગંદનામું પણ રજૂ કર્યું છે. તેથી, સામાવાળાએ નોંધ પર રજૂ કરાયેલા દસ્તાવેજોના આધારે પોતાની પાસે નિહિત સત્તાનો ઉપયોગ કરવો જોઈએ હતો. જો સામાવાળા સંબંધિત વ્યક્તિઓના નિવેદનો લઈને વધુ તપાસ કરવા ઈચ્છતો હોત, તો તે કરવા માટે તેને કોઈ બાબતે અડચણ ન હતી. છતાં, ફક્ત આ નબળા આધારે કે ડૉક્ટરનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યું નથી, અરજદારની અરજી નામંજૂર કરવી જોઈએ ન હતી.

૧૧. સામાવાળા તરફથી વિદ્વાન વકીલ શ્રી વાય.સી. પંડ્યાએ રજૂઆત કરી છે કે અરજદાર દ્વારા રજૂ કરાયેલ જન્મ પ્રમાણપત્રની નકલ વર્ષ ૨૦૧૩માં જારી કરવામાં આવી છે. અરજદારે મૂળ જન્મ પ્રમાણપત્ર રજૂ કર્યું નથી. અરજદાર તરફથી વિદ્વાન વકીલે અદાલતનું ધ્યાન જવાબના સોગંદનામાના પરિચ્છેદ ૪માં કરવામાં આવેલા નિવેદનો તરફ દોર્યું છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે અરજદારે બે વિશ્વસનીય વ્યક્તિઓના આવશ્યક જાહેરનામા રજૂ કર્યા નથી, જેઓ સત્તાધિકારી સમક્ષ સાક્ષી આપી શકે, અને અરજદારની જન્મ તારીખ જન્મ નોંધપોથીમાં દર્શાવેલ તારીખથી ભિન્ન હતી તે દર્શાવતું કોઈ વિશ્વસનીય પુરાવું ઉપલબ્ધ નથી. સામાવાળા તરફથી વિદ્વાન વકીલે વધુમાં રજૂઆત કરી છે કે

અરજદારે પોતાનું મૂળ નામ હાલના નામમાં બદલવામાં આવ્યું છે તે દર્શાવ્યું નથી.

૧૨. આ અદાલતે સંબંધિત પક્ષકારોના વિદ્વાન વકીલોને સાંભળ્યા છે, અરજીમાં કરવામાં આવેલા નિવેદનો તથા નોંધપર રહેલા દસ્તાવેજો, જેમાં પડકારવામાં આવેલ હુકમનો પણ સમાવેશ થાય છે, તેનું પરિશીલન કર્યું છે.

૧૩. પ્રારંભે, આ અદાલત પડકારેલ હુકમમાં અરજદારની અરજીના નામંજૂરી માટે દર્શાવાયેલા કારણોની, જવાબમાં દાખલ સોગંદનામામાં કરવામાં આવેલા કથનોની તુલનાત્મક સ્થિતિમાં નોંધ લે છે. બંનેનો સંયુક્ત અવલોકન કરતાં સ્પષ્ટ થાય છે કે જવાબમાં દાખલ સોગંદનામામાં કરવામાં આવેલા કથનો, પડકારેલ હુકમમાં દર્શાવાયેલા અરજી નામંજૂર કરવાના કારણોથી ઘણાં આગળ વધેલા છે. પડકારેલ હુકમમાં માત્ર બે કારણો આપવામાં આવ્યા છે, જે આ મુજબ છે : (૧) કે અરજદારે પોતાનું જન્મપ્રમાણપત્ર રજૂ કર્યું નથી અને, (૨) ડૉક્ટરનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યું નથી. આ બે કારણોનો જવાબમાં દાખલ સોગંદનામામાં કોઈ ઉલ્લેખ નથી. સામાવાળાએ અરજદાર પાસે બે વિશ્વસનીય વ્યક્તિઓના આવશ્યક જાહેરનામા નથી, જેઓ સત્તાધિકારી સમક્ષ સાક્ષી આપી શકે, તેમજ અરજદારની જન્મતારીખ જન્મનોંધપોથીમાં દર્શાવાયેલી તારીખથી ભિન્ન હતી અને તેનું મૂળ નામ બદલીને હાલનું નામ રાખવામાં આવ્યું છે તે દર્શાવતો વિશ્વસનીય પુરાવો નથી, એવા કારણો દર્શાવીને પડકારેલ હુકમની હદ બહાર જવાનો પ્રયત્ન કર્યો છે. આ કારણોનો પડકારેલ હુકમમાં કોઈ ઉલ્લેખ નથી.

કોઈપણ સ્થિતિમાં, અરજદારના નામમાં ફેરફાર આ અરજાનો વિષયવસ્તુ નથી. તેથી, હાલના મુદ્દા સાથે તેનો કોઈ સંબંધ નથી.

૧૪. જો સામાવાળાનો એવો અભિપ્રાય હતો કે આ મામલે વધુ તપાસ જરૂરી છે અથવા કોઈ વ્યક્તિ(ઓ) પાસેથી સોગંદનામાં લેવા જરૂરી છે, તો તે મુજબ કાર્યવાહી કરવું સામાવાળાની વૈધાનિક ફરજ હતી. નોંધપાત્ર દસ્તાવેજી સામગ્રી પરથી એવું જણાય છે કે અરજદારે રજૂ કરેલા દસ્તાવેજો, અર્થાત બે સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટો, પાન કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઈસન્સો, સેકન્ડરી બોર્ડનું પ્રમાણપત્ર, લગ્ન પ્રમાણપત્ર, (જેમાં લગ્ન પછી અરજદારનું નામ દર્શાવવામાં આવ્યું છે), તથા આ અદાલતનો ચુકાદો, ધ્યાનમાં લેવામાં આવ્યા નથી. વિવાદિત હુકમમાં ઉપરોક્ત દસ્તાવેજોનો કોઈ ઉલ્લેખ નથી.

૧૫. જવાબમાં દાખલ કરાયેલ સોગંદનામા દ્વારા, સામાવાળા તેમાં ઉલ્લેખિત ન હોય એવા કારણો દર્શાવી વિવાદિત હુકમને પૂરક બનાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ કાયદાનો સુસ્થાપિત સિદ્ધાંત છે કે, વિવાદિત હુકમમાં દર્શાવાયેલા કારણોને જવાબી સોગંદનામું દાખલ કરીને પૂરક બનાવી શકાય નહીં, અથવા ત્યારબાદ નવા કારણો આપી શકાય નહીં. આ અદાલતે મોહિન્દર સિંહ ગિલ અને અન્ય વિ. ધ ચીફ ઈલેકશન કમિશનર, ન્યૂ દિલ્હી અને અન્ય, એ.આઈ.આર. ૧૯૭૮ એસ.સી. ૮૫૧ માં ઉપરોક્ત કાયદાસિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે. ચુકાદાનો સંબંધિત અંશ નીચે પુન:રજૂ કરવામાં આવે છે :

૮. બીજી સમાન રીતે સંબંધિત બાબત એ છે કે જ્યારે કોઈ વૈધાનિક કાર્યકર્તા ચોક્કસ આધારોએ આધારિત હુકમ કરે છે, ત્યારે તેની માન્યતા તે રીતે દર્શાવેલ કારણોના આધારે જ નિર્ધારિત થવી જોઈએ અને સોગંદનામા કે અન્ય કોઈ રીતે નવા કારણો ઉમેરીને તેને પૂરક બનાવી શકાતી નથી. અન્યથા, શરૂઆતથી જ ખોટો રહેલો હુકમ, જ્યારે તે પડકારના કારણે અદાલત સમક્ષ આવે ત્યારે, પછીથી રજૂ કરવામાં આવેલા વધારાના આધારોથી માન્ય ઠરી શકે. અહીં અમે ગોરધનદાસ ભાનજી મામલામાં બોઝ જે.ના અવલોકનો તરફ ધ્યાન દોરી શકીએ છીએ: "વૈધાનિક સત્તાના ઉપયોગમાં જાહેર રીતે કરવામાં આવેલા જાહેર આદેશોનું અર્થઘટન, તે હુકમ કરનાર અધિકારીએ પાછળથી આપેલી એવી સમજૂતીના પ્રકાશમાં કરી શકાતું નથી કે તેનો અર્થ શું હતો, અથવા તેના મનમાં શું હતું, અથવા તે શું કરવા ઇચ્છતો હતો. જાહેર સત્તાધિકારીઓ દ્વારા કરવામાં આવેલા જાહેર આદેશોનો હેતુ જાહેર અસર પેદા કરવાનો હોય છે અને જેમને તે સંબોધવામાં આવ્યા હોય તેમના કૃત્યો અને વર્તન પર અસર કરવાનો હોય છે, અને તેથી તેમનું અર્થઘટન હુકમમાં જ વપરાયેલી ભાષાના સંદર્ભ સાથે નિષ્પક્ષ રીતે થવું જોઈએ." આદેશો જૂની દ્રાક્ષમધ જેવી વસ્તુઓ નથી કે જે જૂના થતા વધુ સારી બને:

૧૬. અરજદારે અરજામાં સોગંદપૂર્વક જણાવ્યું છે કે જે ડૉક્ટરના ખાનગી દવાખાનામાં તેનો જન્મ થયો હતો, તે ડૉક્ટર હવે જીવિત નથી. તેથી, અરજદાર તેમની પાસેથી પ્રમાણપત્ર મેળવવામાં અસમર્થ છે. તે ડૉક્ટરનું ખાનગી દવાખાનું

પણ બંધ થઈ ગયું છે. સામાવાળા અરજદાર પાસેથી એવા ડૉક્ટરનું પ્રમાણપત્ર રજૂ કરવાની અપેક્ષા રાખી શકતો નથી, જે હવે જીવિત નથી.

૧૭. જન્મ પ્રમાણપત્ર અંગે જ્યાં સુધી પ્રશ્ન છે, ત્યાં સુધી અરજદારાએ સામાવાળા દ્વારા જાળવવામાં આવેલા અભિલેખ અનુસાર વર્ષ ૨૦૧૩માં જારી કરાયેલ તેના જન્મ પ્રમાણપત્રની નકલ રજૂ કરી છે. સામાવાળાના વિદ્વાન વકીલે રજૂઆત કરી છે કે આ જન્મ પ્રમાણપત્ર વર્ષ ૨૦૧૩માં જારી કરવામાં આવ્યું છે અને મૂળ જન્મ પ્રમાણપત્ર નથી, તેથી તેનો વિચાર કરવામાં આવી શકતો નથી. આ રજૂઆતમાં કોઈ જ સાર નથી એવું જણાય છે, કારણ કે આ પ્રમાણપત્ર માત્ર જન્મ નોંધણી પોથીમાં નોંધાયેલ બાબતને જ પ્રતિબિંબિત કરે છે. માત્ર એટલા માટે કે જન્મ પ્રમાણપત્ર વર્ષ ૨૦૧૩માં જારી કરવામાં આવ્યું છે, તેથી સામાવાળા દ્વારા જાળવવામાં આવેલ અરજદારાના જન્મના અભિલેખમાં કોઈ ફેરફાર થતો નથી.

૧૮. ઉપર પુનઃઉલ્લેખિત સોગંદનામાં–જવાબના પરિછેદ ૫ અને ૬ માં કરવામાં આવેલ કથનો માત્ર સમક્ષ રહેલા મુદ્દાથી વિમુખ જ નથી, પરંતુ સ્વીકારને પાત્ર પણ નથી. અરજદાર અંગે “શંકા માટે અવકાશ” હોવાનો આક્ષેપ અનાવશ્યક છે. વધુમાં, વિલંબ એવો પરિબળ નથી કે જે સામાવાળાને તેના ખાતે નિહિત અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવામાં રોકી શકે, કારણ કે અધિનિયમની કલમ ૧૫ કોઈ મર્યાદાકાળ નિર્ધારિત કરતી નથી.

૧૯. આ તબક્કે, જન્મ અને મૃત્યુ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ (સંક્ષેપમાં અધિનિયમ) ની કલમ ૧૫ ની સંબંધિત જોગવાઈઓ તેમજ ગુજરાત જન્મ અને મૃત્યુ નોંધણી નિયમો, ૨૦૦૪ (સંક્ષેપમાં નિયમો) ના નિયમ ૧૧ માં સમાવાયેલ, સામાવાળા સત્તાધિકારીએ અપનાવવાની પ્રક્રિયા ધ્યાનમાં લઈ શકાય. અધિનિયમની કલમ ૧૫ નીચે મુજબ વાંચાય છે :

૧૫. જન્મ અને મૃત્યુના નોંધપોથીમાં નોંધની સુધારણા અથવા રદ કરવાની બાબત જો આ અધિનિયમ હેઠળ તેની દ્વારા રાખવામાં આવતી કોઈ નોંધપોથીમાં જન્મ અથવા મૃત્યુ અંગેની કોઈ નોંધ સ્વરૂપમાં અથવા તત્ત્વમાં ભૂલયુક્ત હોવાનું, અથવા છેતરપિંડીપૂર્વક અથવા અયોગ્ય રીતે કરવામાં આવી હોવાનું, રજિસ્ટ્રારની સંતોષકારક રીતે સાબિત થાય, તો તેવી નોંધો કઈ શરતો પર અને કયા સંજોગોમાં સુધારી અથવા રદ કરી શકાય તે અંગે રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલ એવા નિયમોને આધીન રહીને, તે મૂળ નોંધમાં કોઈ ફેરફાર કર્યા વિના, હાંસિયામાં યોગ્ય નોંધ કરીને ભૂલ સુધારી શકે અથવા નોંધ રદ કરી શકે, અને તે હાંસિયાની નોંધ પર હસ્તાક્ષર કરશે તેમજ તેમાં સુધારણા અથવા રદ કરવાની તારીખ ઉમેરશે.

૨૦. ગુજરાત જન્મ અને મૃત્યુ નોંધણી નિયમો, ૨૦૦૪ નો નિયમ ૧૧ નીચે મુજબ છે :

"૧૧. જન્મ અને મરણના રજીસ્ટરમાં નોંધની સુધારણા અથવા રદબાતલ:

(૧) જો રજીસ્ટ્રારને એવી જાણ કરવામાં આવે કે નોંધપોથીમાં લિપિકીય અથવા ઔપચારિક ભૂલ કરવામાં આવી છે, અથવા આવી ભૂલ અન્ય રીતે તેના ધ્યાનમાં આવે અને નોંધપોથી તેના કબ્જામાં હોય, તો રજીસ્ટ્રાર આ બાબતની તપાસ કરશે અને જો તે સંતોષ પામે કે આવી કોઈ ભૂલ કરવામાં આવી છે, તો તે અધિનિયમની કલમ ૧૫માં જોગવાઈ મુજબ નોંધમાં સુધારો કરીને અથવા નોંધ રદ કરીને તે ભૂલનું સુધારણ કરશે અને ભૂલ દર્શાવતી તથા તે કેવી રીતે સુધારવામાં આવી છે તે દર્શાવતો નોંધનો ઉતારો જન્મ અને મૃત્યુના જિલ્લા રજીસ્ટ્રારને મોકલશે.

(૨) ઉપનિયમ (૧) માં ઉલ્લેખિત કેસમાં, જો રજીસ્ટર રજિસ્ટ્રારના કબજામાં ન હોય, તો તે જન્મ અને મૃત્યુના જિલ્લા રજિસ્ટ્રારને અહેવાલ કરશે અને સંબંધિત રજીસ્ટર મંગાવશે અને બાબત અંગે તપાસ કર્યા પછી, જો તેને સંતોષ થાય કે આવી કોઈ ભૂલ કરવામાં આવી છે, તો જરૂરી સુધારો કરશે.

(૩) ઉપનિયમ (૨) માં ઉલ્લેખિત એવી કોઈપણ સુધારો, જ્યારે નોંધપોથી રજિસ્ટ્રાર પાસેથી પ્રાપ્ત થાય ત્યારે, જન્મ અને મૃત્યુના જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા પ્રતિહસ્તાક્ષરિત કરવામાં આવશે.

(૪) જો કોઈ વ્યક્તિ એવો દાવો કરે કે જન્મ અને મૃત્યુના રજિસ્ટરમાંની કોઈ નોંધ સારભૂત રીતે ભૂલપૂર્ણ છે, તો કેસના તથ્યોની જાણકારી ધરાવતી બે વિશ્વસનીય વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલ અને ભૂલનું સ્વરૂપ તથા કેસના સાચા તથ્યો દર્શાવતું જાહેરનામું તે વ્યક્તિ રજૂ કરે ત્યારે, નોંધણી અધિકારી

અધિનિયમની કલમ ૧૫ હેઠળ નિર્ધારિત રીત મુજબ તે નોંધમાં સુધારો કરી શકે છે.

*(૫)* ઉપનિયમ *(૧)* અને ઉપનિયમ *(૪)* માં આવરી લેવામાં આવેલી કોઈપણ બાબત હોવા છતાં, રજિસ્ટ્રાર તેમાં ઉલ્લેખિત પ્રકારના કોઈપણ સુધારા અંગે જરૂરી વિગતો દર્શાવી જન્મ અને મૃત્યુના જિલ્લા રજિસ્ટ્રારને અહેવાલ કરશે.

*(૬)* જો રજિસ્ટ્રારના સંતોષાર્થે એવું સાબિત થાય કે જન્મ અને મૃત્યુના રજિસ્ટરમાં કોઈ નોંધ કપટપૂર્વક અથવા અયોગ્ય રીતે કરવામાં આવી છે, તો તે અધિનિયમની કલમ ૨૫ હેઠળ આ બાબતમાં મુખ્ય રજિસ્ટ્રાર દ્વારા સામાન્ય અથવા વિશેષ હુકમથી અધિકૃત કરાયેલા અધિકારીને જરૂરી વિગતો આપતો અહેવાલ કરશે અને તેની પાસેથી સાંભળ્યા પછી મામલામાં જરૂરી કાર્યવાહી કરશે. *(૭)* દરેક એવા કેસમાં, જેમાં આ નિયમ હેઠળ કોઈ નોંધમાં સુધારો કરવામાં આવે અથવા તેને રદ કરવામાં આવે, તેની જાણ તે વ્યક્તિના કાયમી સરનામે મોકલવી જોઈએ જેણે અધિનિયમની કલમ ૮ અથવા કલમ ૯ હેઠળ માહિતી આપી હોય.

૨૧. નિયમોના નિયમ ૧૧ ના ઉપનિયમ ૪ ના અવલોકનથી સ્પષ્ટ થાય છે કે જન્મ અને મૃત્યુ નોંધપોથીમાં થયેલી ભૂલભરેલી નોંધને અધિનિયમની કલમ ૧૫ અને નિયમ ૧૧ દ્વારા નિર્ધારિત રીત મુજબ સુધારવી એ નોંધણી અધિકારીનું કર્તવ્ય છે, જો સંબંધિત વ્યક્તિ દ્વારા કેસની ભૂલનું સ્વરૂપ અને કેસના સચ્ચા

તથ્યો દર્શાવતું, તથા કેસના તથ્યોની જાણકારી ધરાવતા બે વિશ્વસનીય વ્યક્તિઓ દ્ધારા કરવામાં આવેલ ઘોષણાપત્ર રજૂ કરવામાં આવે.

૨૨. હાલના કેસમાં, નોંધવહિમાંથી એવું જણાતું નથી કે અરજદારને કોઈ વધારાના દસ્તાવેજો અથવા ઘોષણાઓ રજૂ કરવાની તક આપવામાં આવી હતી. અરજદારે પોતાની માતાનું સોગંદનામું રજૂ કર્યું છે. જો સામાવાળાનો એવો અભિપ્રાય હતો કે વધુ પુરાવાની આવશ્યકતા છે, તો જરૂરી પુરાવો રજૂ કરવા માટે અરજદારને કહેવું સામાવાળાનું કર્તવ્ય હતું. એવું કર્યા વિના, અરજદારની અરજી નામંજૂર કરવી સામાવાળા માટે ખુલ્લી નથી.

૨૩. આ તબક્કે, આ અદાલતે નીતા બેન નરેશભાઈ પટેલ વિ. (ધ) રાજ્ય ગુજરાત માં પ્રતિપાદિત કરેલા કાયદાના સિદ્ધાંતો અને

વગેરે *(ઉપરોક્ત)*, ધ્યાનમાં લઈ શકાય. આ અદાલતે નીચે મુજબ ઠરાવ્યું છે *:*

*"૨૬.* આમ, સંક્ષેપમાં, અગાઉના પરિછેદમાં કરાયેલી તથ્યાત્મક અને કાનૂની રજૂઆતો તથા પહોંચાડવામાં આવેલા નિષ્કર્ષોમાંથી નીચે મુજબનો સાર બહાર આવે છે*:*

*(એ)* રદ કરાયેલા ૧૮૮૬ ના અધિનિયમની કલમ ૨૮ ની જોગવાઈઓ તથા ૧૯૬૯ ના અધિનિયમની કલમો ૨૯ અને ૩૧ માં સમાયેલ જોગવાઈઓને ધ્યાનમાં લેતાં, જન્મ અને મૃત્યુના નોંધપોથીમાં થયેલી નોંધોની સુધારણા/રદબાતલ અંગેની પૂર્વવર્તી જોગવાઈ, જે નવી જોગવાઈને હાનિકારક

નથી, તે નવા અધિનિયમની કલમ ૧૫ માં યથાવત્ અમલમાં રહી છે અને તેથી સત્તાધિકારી જન્મ અને મૃત્યુની નોંધપોથીમાં થયેલી ભૂલભરેલી નોંધોમાં સુધારો કરવા સક્ષમ છે, એવા કિસ્સામાં પણ કે જેમાં નોંધણી ૧.૪.૧૯૭૦ પહેલાં કરવામાં આવી હોય, એટલે કે તે તારીખે જ્યારે ૧૯૬૯ નો નવો અધિનિયમ અમલમાં આવ્યો હતો, અને બાદમાં ભૂલના સુધારાની માંગ કરવામાં આવે.

(બી) સ્થાનિક ભાષા ગુજરાતી માં સમાવિષ્ટ માર્ગદર્શિકાઓના ભાગ ૫ ની કલમ ૫.૮ તેમજ ભારત સરકારના ગૃહ મંત્રાલયના રજિસ્ટ્રાર જનરલની હેન્ડબુકના ભાગ ૯ ની કલમ ૯.૬ અને ૯.૭ સાથે વાંચતા ૧૯૬૯ ના અધિનિયમની કલમ ૧૫ અને રાજ્યના નિયમો, ૨૦૦૪ ના નિયમ ૧૧ દ્વારા, પ્રાધિકરણને ભૂલભરેલી નોંધણીઓમાં સુધારો કરવા/રદ કરવા માટે પૂરતી સત્તા આપવામાં આવી હતી અને સુધારવાની ભૂલોના પ્રકારો માટે સંપૂર્ણ પ્રક્રિયાત્મક વ્યવસ્થા પણ નિર્ધારિત કરવામાં આવી હતી.

(સી) ૧૯૬૯ના અધિનિયમની કલમ ૧૫ જન્મ અને મૃત્યુના નોંધણી અધિકારીને સ્વરૂપ અથવા તાત્પર્યમાં થયેલી કોઈપણ ભૂલભરેલી નોંધ અથવા છેતરપિંડીપૂર્વક કે અયોગ્ય રીતે કરવામાં આવેલી કોઈપણ નોંધમાં સુધારો કરવાની સત્તા આપે છે. ૨૦૦૪ના નિયમોના નિયમ ૧૧ અને વિશેષ કરીને ઉપનિયમ ૧ માં કોઈપણ નોંધમાં, લિખિતીય અથવા ઔપચારિક હોઈ શકે તેવી કોઈપણ ભૂલ અંગે જોગવાઈ કરવામાં આવી છે અને ઉપરોક્ત નિયમ ૧૧ના ઉપનિયમ ૪ માં તાત્પર્યમાં ભૂલભરેલી હોઈ શકે તેવી કોઈપણ નોંધનો ઉલ્લેખ

કરવામાં આવ્યો છે અને નિયમ ૧૧ના ઉપનિયમ ૬ માં છેતરપિંડીપૂર્વક અથવા અયોગ્ય રીતે કરવામાં આવેલી કોઈપણ નોંધનો ઉલ્લેખ છે, જેનો સુધારો નોંધણી અધિકારી દ્વારા કરાવવાનો હોય છે, અને તે માટે વિગતવાર પ્રક્રિયા નિર્ધારિત કરવામાં આવી છે, જે મુજબ આવી નોંધ કેવી રીતે અને કઈ રીતથી સુધારવાની અથવા રદ કરવાની તથા તેની ઉપરની સત્તાને અહેવાલ કરવાની પદ્ધતિ નિર્ધારિત કરવામાં આવી છે, જેથી નોંધણી સત્તાધિકારીઓ દ્વારા સત્તાના દુરૂપયોગને નકારી શકાય. તેથી, ભારત સરકારના ગૃહ મંત્રાલયના રજિસ્ટ્રાર જનરલની હેન્ડબુકના પ્રકરણ ૯ની કલમ ૯.૬ અને ૯.૭ નોંધોના સુધારા અને રદ બાબતે જોગવાઈ કરે છે અને તેમાં લિખિતીય અથવા ઔપચારિક ભૂલ, તાત્પર્યની ભૂલ અથવા છેતરપિંડીપૂર્વક અથવા અયોગ્ય નોંધનો સમાવેશ થાય છે અને એકવાર તાત્પર્યની કોઈ ભૂલ સુધારવાની હોય, ત્યારે તે એવી પ્રકૃતિની ભૂલને આવરી લે છે કે જે તાત્પર્ય અથવા સ્વરૂપની ભૂલ હોય. તેવી જ પ્રકારની ભૂલોનો ઉલ્લેખ અધિનિયમ હેઠળ રાજ્ય સત્તાધિકારીઓ દ્વારા પ્રકાશિત સ્થાનિક ભાષાની માર્ગદર્શિકાના પ્રકરણ ૫ની કલમ ૫.૮ માં કરવામાં આવ્યો છે.

*(ડી)* ઉપરોક્ત કાનૂની સિદ્ધાંત આ અદાલતના બે લેટર્સ પેટન્ટ અપીલ નં. ૧૯૫/૧૯૯૯ અને ૨૩૧/૨૦૦૧માં, મુલ્લા ફૈઝલ અને ફક્સીલાબાનુ સુલેમાન ઈબ્રાહિમ વિરુદ્ધ રજિસ્ટ્રાર, જન્મ અને મૃત્યુ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન *(ઉપરોક્ત)*ના કેસમાં થયેલા નિર્ણયોથી વધુ મજબૂત બને છે; તેમાં કોઈ શંકા નથી કે ૧૯૬૯ના અધિનિયમની કલમ ૧૫માં આવેલ "રૂપ અથવા સારમાં

ભૂલભર્યું" એવો પ્રયોગ વ્યાપક પરિસરની અભિવ્યક્તિ છે અને તે માત્ર સાદી ટાઇપની ભૂલો અથવા લિપિકીય ભૂલો સુધી મર્યાદિત નથી, અને ૧૯૬૯ના અધિનિયમની કલમ ૧૫ તથા રાજ્ય નિયમો, ૨૦૦૪ના નિયમ ૧૧(૧) થી (૭) હેઠળ કલ્પાયેલ મુજબ, રજિસ્ટરમાં રૂપ અથવા સારમાં ભૂલભરી નોંધોમાં સુધારો કરવાની રજિસ્ટ્રારની સત્તા કોઈ માર્ગદર્શિકા અથવા પરિપત્ર દ્વારા હરણ કરી શકાતી નથી.

(ઇ) જ્યારે અધિનિયમની કલમ ૧૫ અને રાજ્ય નિયમો, ૨૦૦૪ ના નિયમ ૧૧ હેઠળ સત્તાનો ઉપયોગ કરવા સશક્ત પ્રાધિકરણ એવું કરવા ઇનકાર કરે, ત્યારે પ્રાધિકરણને યોગ્ય દિશાનિર્દેશો જારી કરવા માટે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૨૬ હેઠળ રિટ અરજી જાળવી શકાય તેવી છે.

(એફ) સત્તાધિકારીને કયા પ્રકારની અને કેવી જાતની દિશાનિર્દેશો જારી કરવી તે દરેક કેસના તથ્યો અને પરિસ્થિતિઓ તથા સત્તાધિકારી દ્વારા પીડિત વ્યક્તિઓને તેમના કાનૂની અધિકારના ઇનકારની પ્રકૃતિ પર નિર્ભર કરે છે............."

૨૪. આ ચુકાદો હાલના કેસમાં પણ લાગુ પડશે.

૨૫. સામાવાળાએ જવાબી સોગંદનામામાં આપેલા કારણો આક્ષેપિત હુકમથી અસંગત છે અને તેથી, અદાલતને વિશ્વસનીય લાગતાં નથી.

૨૬. ઉપર દર્શાવેલ કારણોસર, નીચેનો હુકમ પસાર કરવામાં આવે છે :

૨૭. તા. ૦૨.૦૪.૨૦૧૪નો પડકારિત હુકમ રદ કરવામાં આવે છે. સામાવાળાને અરજદારની અરજીનો ઉપલબ્ધ અભિલેખ પરનો સામગ્રી, જેમાં અરજદારની માતાનું સોગંદનામું પણ સમાવેશ પામે છે, ધ્યાનમાં લઈને, અથવા જરૂરી જણાય તો અન્ય આવશ્યક સામગ્રી મંગાવીને, નવી સીરિથી વિચારણા કરી નિર્ણય લેવા નિર્દેશ આપવામાં આવે છે. સામાવાળા તે ડૉક્ટર પાસેથી પ્રમાણપત્ર મેળવવાનો આગ્રહ રાખશે નહીં, જેના ખાનગી દવાખાનામાં અરજદારનો જન્મ થયો હતો, કારણ કે અર[illegible]મ જણાવાયું છે કે સંબંધિત ડૉક્ટરનું અવસાન થઈ ગયું છે અને દવાખાનું બંધ છે. જન્મ અને મૃત્યુ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ની કલમ ૧૫ તથા ગુજરાત જન્મ અને મૃત્યુ નોંધણી નિયમો, ૨૦૦૪ની કલમ ૧૧ મુજબ કાયદાની વિધિસર પ્રક્રિયા અનુસરીને, સામાવાળા અરજદારની અરજી પર કાયદા અનુસાર શક્ય તેટલી વહેલી તકે અને આ હુકમની નકલ પ્રાપ્ત થયાની તારીખથી ચાર અઠવાડિયાના ગાળાથી મોડું નહીં થાય તે રીતે હુકમ પસાર કરશે.

૨૮. ઉપરોક્ત શરતો મુજબ અરજી ભાગે મંજૂર કરવામાં આવે છે. તે અનુસાર નિયમ સંપૂર્ણ કરવામાં આવે છે.

**(ન્યાયમૂર્તિ શ્રીમતી અભિલાષા કુમારી)**

અમર

*The translation of this judgment has been provided by M/s*

*Hyperlink E-Solutions Pvt. Ltd.*

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્ધેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

=====================================================